# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૧૬/૦૮/૨૦૨૧ થી તા.૨૨/૦૮/૨૦૨૧)

# એસ.ઓ.જી. ખેડા-નડીયાદ

## નાના બાળકોનું ખરીદ-વેચાણ કરી મોટા નાણાંકીય લાભ મેળવવાનું રેકેટ આચરનાર ટોળકીને ઝડપી પાડતી SOG ખેડા-નડીયાદ તા:૨૦/૦૮/૨૦૨૧

ઇ.પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ નાઓની ગુન્હાહીત પ્રવૃત્તી આચરતા ઇસમોને ઝડપી પાડવા અન્વયેની સુચના પરત્વે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.કે.ખાંટ પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી. ખેડા-નડીયાદ નાઓએ ચાર્ટર સબંધી કામગીરી કરવા તેમજ ગુન્હાહીત પ્રવૃત્તી આચરતા ઇસમો વિરૂધ્ધ કામગીરી કરવા આપેલ સુચના મુજબ તેઓના માર્ગદર્શન હેઠળ ટીમવર્કથી નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સુચના મુજબ નડીયાદ ટાઉન વિસ્તારમાં ગુન્હાહીત પ્રવૃત્તિ આચરવા વાળા ઇસમો ઉપર ચાંપતી નજર રાખી પેટ્રોલીંગ ફરતા હતા તે દરમ્યાન નડીયાદ શાકમાર્કેટ વિસ્તારમાં અ.હેડ.કો. દાદુસીંહ તખતસીંહ બનં.૧૦૦૩ તથા પો.કો. ફતેસીંહ જેરાભાઇ બનં.૯૩૬ નાઓને તેઓના ખાનગી બાતમીદારથી સંયુકત બાતમી મળેલ કે બહારના રાજયની અને હાલ નડીયાદ ખાતે રહેતી માયાબેન નામની મહીલા બહારના રાજયની ગરીબ પ્રેગ્નેટ મહીલાઓને અત્રે લાવી તેની ડીલીવરી કરાવડાવ્યા બાદ તેનું બાળક અન્ય બીજાને વેચાણ કરી મોટી રકમ અપાવવા માટે લલચાવી સંમતી મેળવી તે બાળકને અન્ય બીજી મહીલા એજન્ટો મારફતે બાળકોને વેચાણ કરે છે અને હાલમાં બીજી મહીલાઓ આ માયાબેનના સંપર્કમાં છે અને હાલ તે નડીયાદ શાકમાર્કેટની આજુબાજુમાં મહીલાઓને પુછપરછ કરવાની ગતીવિધીમાં છે તેવી બાતમી હકીકત મળતા પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ઓ.જી. ખેડા-નડીયાદ નાઓની સુચના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. એ.ઓ.તીવારી, હેડ.કો. દાદુસીંહ, હેડ.કો. હેમંતકુમાર, હેડ.કો. જયદીપસીંહ, હેડ.કો. વિજયકુમાર, હેડ.કો. બલભદ્રસીંહ, હેડ.કો. નિમેષભાઇ, પો.કો. ફતેસીંહ, પો.કો. મુકેશકુમાર, પો.કો. મહાવીરસીંહ, પો.કો. હિતાર્થ, પો.કો. યશપાલસીંહ, વુ.પો.કો. મનીષાબેન તથા નડીયાદ ટાઉન પો.સ્ટે.ના વુમન પો.સબ.ઇન્સ. આર.ડી.ચૌધરી તથા વુ.એલ.આર. પો.કો. લક્ષ્મીબેન, વુ.એલ.આર. પો.કો. ભાવનાબેન નાઓની ટીમ બનાવી નાના બાળકોના ખરીદ-વેચાણ કરી મોટા નાણાંકીય લાભ મેળવનાર રેકેટ ઝડપી પાડવા સારૂ ડમી મહીલા કર્મચારી ગ્રાહક બનાવી નડીયાદ શાકમાર્કેટ ખાતે ગોઠવેલ વોચ દરમ્યાન તેઓએ ડમી ગ્રાહક મહીલા કર્મચારીને બાળક થોડીવારમાં લાવી આપવા જણાવતા સતત તે મહીલાઓ ઉપર નજર રાખી રહેલ તે દરમ્યાન એક બહેન નાનુ બાળક લઇ સંતરામ મદીરની બાજુમાં આવેલ શાકમાર્કેટમાં આવી તેની પાસેનું બાળક ત્રણ મહીલાઓ પૈકી એક મહીલાને આપતા તેઓ ત્રણેય મળી અંદરો અંદર વાતચીત કરી ડમી ગ્રાહક મહીલા અધિકારીને ઇશારો કરી બોલાવી બાળક વેચાણ આપવાની કિ.રૂ.૬,૦૦,૦૦૦/- લાખ સુધીની નક્કી કરવાની વાતચીત કરી રહેલ તે દરમ્યાન સમગ્ર ટીમે ચારેબાજુથી કોર્ડન કરી પકડી લીધેલ જેમાં મોનીકાબેન વા./ઓ. મહેશભાઇ પ્રવિણભાઇ શાહ (૨) પુષ્પાબેન વા./ઓ. સંદિપભાઇ બહેચરભાઇ પટેલીયા (૩) માયાબેન વા./ઓ. લાલજીભાઇ રણછોડભાઇ ડાંભલા (૪) રાધીકાબેન વા./ઓ. રાહુલભાઇ મશરામભાઇ ગેડામ નાઓને પકડી લેવામાં આવેલ અને નડીયાદ ટાઉન પો.સ્ટે. ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી કરવા પોલીસ ઇન્સ્પેકટરશ્રી AHTU ખેડા-નડીયાદ નાઓને સોપવામાં આવેલ છે.

**કામગીરી કરનાર અધિકારી / કર્મચારીઃ-**

વી.કે.ખાંટ પોલીસ ઈન્સ્પેક્ટર તથા એ.ઓ.તીવારી પો.સબ.ઇન્સ. તથા સાથે હેડ.કો. દાદુસીંહ તખતસીંહ બનં.૧૦૦૩ તથા હેડ.કો. હેમંતકુમાર આત્મારામ બનં.૧૧૬૯ તથા હેડ.કો. જયદીપસીંહ કાનજીભાઇ બનં.૮૮ તથા હેડ.કો. વિજયકુમાર ધનશ્યામભાઇ બનં.૭૫૭ તથા હેડ.કો. બલભદ્રસીંહ ધનશ્યામસીંહ બનં.૮૯૨ તથા હેડ.કો. નિમેષભાઇ ભારતભાઇ બનં.૮૮૧ તથા પો.કો. ફતેસીંહ જેરાભાઇ બનં.૯૩૬ તથા પો.કો. મુકેશકુમાર બાબુભાઇ બનં.૧૦૦૫ તથા પો.કો. મહાવીરસીંહ કાળુભા બનં.૯૦૮ તથા પો.કો. હિતાર્થ જગદીશચંદ્ર બનં.૯૫૦ તથા પો.કો. યશપાલસીંહ રાજેન્દ્રસીંહ બનં ૮૦૬ તથા વુ.પો.કો. મનીષાબેન શનાભાઇ બનં.૧૭૯૬ એસ.ઓ.જી. ખેડા-નડીયાદ તથા નડીયાદ ટાઉન પો.સ્ટે.ના વુમન પો.સબ.ઇન્સ. આર.ડી.ચૌધરી તથા વુ.એલ.આર. પો.કો. લક્ષ્મીબેન જાદવભાઇ બનં.૫૭૮ તથા વુ.એલ.આર. પો.કો. ભાવનાબેન રતીલાલ બનં.૦૫૨૯ દ્વારા સદર ટીમવર્કથી કરવામાં આવેલ છે.

